## વડીલોને વંદન અભિનંદન

આજે જન્મદિવસ



ઈન્દુબેન અંબાલાલ પટેલ (૧૯૫૩) ફોન:૨૩૨૩૩૫૯૦



આર.સી. રાવલ (૧૯૫૯) ફોન. ૨૩૨૮૯૩૩૨

# રાજય અનામત પોલીસ દળ જૂથ-૧૦ને રૂપનગર વાલીયાથી દહેજ પી.સી.પી.આઈ.આર. ખસેડાશે

### દહેજ ખાતે કાર્યરત કરવા ૧૫૦ એકર જમીન ફાળવવા અનામત પોલીસ દળ જૂથ-૧૦ દ્વારા દરખાસ્ત

ગાંધીનગર, તા.૧૭

રાજય અનામત પોલીસ દળ જૂથ-૧૦ને રૂપનગર વાલીયાથી ખસેડી દહેજ પી.સી.પી.આઈ.આર. વિસ્તારમાં કાર્યરત કરવા માટે ૧૫૦ એકર જમીન ફાળવવા માટેની એક દરખાસ્ત જીઆઈડીસીને અધિક પોલીસ મહાનિર્દેશક હથિયારી એકમ દ્વારા કરવામાં આવી છે.

હથિયારી એકમ દ્વારા જીઆઈડીસીને કરવામાં આવેલી દરખાસ્તમાં એવું જણાવાયું છે કે રાજય અનામત પોલીસ દળ જુથ-૧૦ ભરૂચ જિલ્લાના રૂપનગર વાલીયા ખાતે આશરે ૨૮૫ એકર વિસ્તારમાં પથરાયેલ સંકુલમાં કાર્યરત છે. આ વિસ્તારમાં ભૂગર્ભમાં લિગ્નાઈટ મળી આવેલ હોવાથી ખાણ કામ હાથ ધરવા માટે તે જૂથને અન્યત્ર ખસેડવાની જરુરિયાત નજીકના ભવિષ્યમાં ઉપસ્થિત થનાર છે.

સંકુલમાં જવાના માટેના આવાસો ને બિનરહેણાંકના નવા મકાનો બાંધવાની કામગીરી પડતી મુકવામાં આવેલ છે. આ જૂથ માટે વૈકલ્પિક મથકો અંગે જૂથને રૂપનગર વાલીયાથી ખસેડીને દહેજ ખાતેના પેટ્રોકેમિકલ્સ અને ઈન્વેસ્ટમેન્ટ રીજીયનમાં આવરી લીધેલ વિસ્તારમાં પુર્નસ્થાપિત કરવાનું યોગ્ય જણાવાયું છે.

દહેજ અને વિલાયત ઔદ્યોગિક વસાહતો ઉપરાંત જિલ્લાના વાગરા અને ભરૂચ બ્લોક હેઠળના કુલ ૪૫૦ ચોરસ કિલોમીટરથી વધુ વિસ્તારમાં અસ્તિત્વમાં આવેલ દહેજ પી.સી.પી.આઈ.આર. સંપૂર્ણ રીતે કાર્યરત થયેથી ત્યાં ભારતના અગ્રણી ઔદ્યોગિક ગૃહો તેમજ અસંખ્ય મધ્યમ અને નાના ઔદ્યોગિક એકમો ખૂબ મોટા મૂડી રોકાણ સાથે સ્થાપિત થશે તેના પરીણામે તે એકમોમાં બે લાખ જેટલા કામદારોને પ્રત્યક્ષ અને બીજા લાખો કામદારોને પરોક્ષ રીતે રોજગારીની તક ઉપલબ્ધ થશે. રાજયના સૌરાષ્ટ્ર વિસ્તારમાંથી પણ વેપારીઓ અને માનવબળની અવરજવરને વેગ મળશે. મુંબઈ સાથે વાણિજ્યિક સંબંધો અન્વયે માલવાહકોની અવરજવરના પ્રમાણમાં નોંધપાત્ર વૃધ્ધિ થશે.

દહેજ પી.સી.પી.આઈ.આર. હેઠળ સમગ્ર વિસ્તારમાં ઔદ્યોગિક એકમો અને મૂડી રોકાણને ભાંગફોડની અસામાજીક પ્રવૃત્તિ અને આતંકવાદી કૃત્યોથી અસહકાર સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે તેમજ કામદારોની સંભવિત આંદોલાત્મક પ્રવૃત્તિ ટ્રાફિક વગેરેના લીધે કે અન્યથા ઉપસ્થિત થનાર કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો અસરકારક રીતે નિવારવા માટે રાજય અનામત પોલીસદળના એક જૂથને તે વિસ્તારમાં સ્થાઈ કરવાની સલાહ ભરેલી જણાય છે.

આમ કરવાથી કટોકટીના સંજોગોમાં રાજય અનામત પોલીસ દળના સ્થાનિક જૂથમાં ઉપલબ્ધ અધિકારીઓ જવાનોને સ્થાનિક પોલીસને મદદરૂપ થવા માટે ત્વરીત રીતે ઉપલબ્ધ કરાવીને અસરકારક કાર્યવાહી શકય બનશે. રાજય અનામત પોલીસ દળના જૂથ-૧૦ને રૂપનગર વાલીયા ખાતેથી ખસેડીને દહેજ પી.સી.પી.આઈ.આર. વિસ્તારમાં કાર્યરત કરવા માટે ૧૫૦ એકર જમીન જાહેર હિતમાં વિના મૂલ્યે ફાળવવા માટે માંગણી કરવામાં આવી છે.

# સમાચાર ઝલક

- સંગ્મા રાષ્ટ્રપતિની ચૂંટણીના રેસમાં મમતાજીનું પણ સમર્થન માગ્યું.
- દિલ્હીમાં પેટ્રોલ સસ્તું થયું ડીઝલ મોંઘુ બન્યું.
- ક્રિકેટર પઠાણ બંધુઓ વન વિસ્તારની મુલાકાતે.
- દિલ્હીમાં પીવાના પાણીની મુશ્કેલી વધુ સંકટમાં મારામારીના દૃશ્યો સર્જાયા.
- રાજકોટમાં શિક્ષિકા પર તેના પ્રેમી દ્વારા છરીના ઘા માર્યા, શિક્ષિકાનું કરૂણ મૃત્યુ.
- કાલુપુરમાં પાંચ મકાનો ધરાશાયી - કોઇ જાન હાનિ નહી.
- બ્રિટનની સંસદ અન્ના હજારેનું સન્માન કરશે.
- ઉત્તરાખંડ અને હિમાચલમાં યુરેનિયમનો વિશાળ જથ્થો મળ્યો.
- ચીનની ૮૪ વર્ષીય વૃધ્ધાને જાતીય પરિવર્તનની ઇચ્છા વ્યકત કરી.
- આજે 'ફાધર્સ-ડે' ની નવી પેઢીએ કરેલી ઉજવણી.
- નવા નાણામંત્રીની શોધખોળ ચાલું થઇ.
- ઉત્તર ભારતમાં ગરમીથી લૂ લાગવાનાં કારણે જૂન માસમાં ૬૧ વ્યક્તિઓનાં મૃત્યુ.
- હરિયાળામાં હાઇવે પર એકસ્માતમાં ૫ વ્યક્તિઓનાં મૃત્યુ.
- સાયના નેહવાલ ઇન્ડોનેશિયાના ઓપન જીતી, ચીનને હરાવ્યું.
- વડાપ્રધાન શ્રી મનમોહનસિંહ જી-૨૧ ના દેશોની મિટિંગમાં હાજરી આપવા ૭ દિવસ વિશ્વના પ્રવાસે, આર્થિક કટોકટીની ચર્ચા થશે.
- ગ્રીસમાં થનારી ચૂંટણી પર વિશ્વની નજર, વિશ્વમાં આર્થિક કટોકટીના મુદ્દા અર્થે.





(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુરમાં કાળઝાળ ગરમીને ઉકળાટથી ત્રાહીમામ પોકારી ગયેલ આમજનતા અને મૂંગા પશુઓને મેઘરાજાથીએ સમયસર પધરામણી કરીને બે કલાક સુધી ધમાકેદાર વરસાદથી રાહત મળી છે. અંબિકાનગરના ત્રિશલા પાર્ક અને આજુબાજુની અનેક સોસાયટીમાં પાણી ભરાવાથી પરેશાનીનો સામનો કરવો પડ્યો હતો. નગરપાલિકા તંત્રે કાદવ ભરાયેલા પાણી બહાર કાઢવાની કામગીરી યુદ્ધના ધોરણે ચાલુ કરી છે.

## બાર કાઉન્સીલમાં બીનરાજકીય ઉમેદવારોને ટેકો મળશે

તા. ૧૭મીના રોજ ગુજરાત બાર કાઉન્સીલના નવા ચૂંટાયેલા ૨૫ સભ્યોની પ્રથમ મિટીંગ મળી રહી છે. આ મિટીંગમાં બાર કાઉન્સીલના હોદ્દેદારોને કમિટીઓના ચેરમેન, સભ્યોની ચૂંટણી થવાની છે.

કોગ્રેંસની વિચારસરણી ધરાવતી ચૂંટાયેલા બાર કાઉન્સીલના સભ્યોની મિટીંગ અમદાવાદ ખાતે મળી હતી. મિટીંગમાં સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો છે કે, ગુજરાત બાર કાઉન્સીલએ ગુજરાતના ૬૨ હજાર વકીલોની માતૃસંસ્થા છે. આ સંસ્થા રાજકારણથી પર રહે તે જરૂરી છે. છેલ્લા વર્ષોના ભાજપના લીંગલ સેલના હોદેદારોએ સંસ્થામાં વર્ચસ્વ જમાવેલ છે. આ રાજકીય હસ્તક્ષેપ દૂર થાય અને બીન રાજકીય વ્યક્તિનો ઉમેદવારી કરી તેને ટેકો આપવો એવું સર્વાનુમતે નિર્ણય કર્યો છે.

## પેથાપુરમાં ૨૧મીએ ધામધૂમથી રથયાત્રા નીકળશે

પેથાપુર, તા. ૧૭

પેથાપુરમાં તા. ૨૧ જૂનની અષાઢી બીજે ભવ્ય રથયાત્રા નીકળશે. પેથાપુર હાઈસ્કુલ પાસેના શ્રીરામજી મંદિરેથી બપોરે ૧૨.૩૦ કલાકે પ્રસ્થાન કરશે.

ભગવાન જગન્નાથ, બળદેવજી, શુભદ્રાજી તેમજ બેન્ડ બાજાથી સુશોભિત વાહનો, ભક્તમંડળીઓ, ઊંટ ગાડીઓ, ટેકટર સાથે ભકતજનો મોટી સંખ્યામાં નીકળશે. બાળકોની વેશભૂષાની હરિફાઈ પણ યોજાશે. વેશભૂષામાં નામ નોંધાવા માટે નટુભાઈ દરજી પાસે નોંધાવવાના રહેશે. નિર્ણાયક તરીકે પોપટભાઈ પ્રજાપતિ, હસમુખભાઈ મેકવાન તથા પાલારી પ્રેમજીભાઈ હાજર રહેશે. નટુભાઈ દરજી, દિનુભાઈ દરજી, ધીરૂભાઈ ચૌહાણ, અલ્કેશભાઈ પરમાર, અસરસિંહ વાઘેલા, કિરણભાઈ મહેતા, દિનુભાઈ ચૌહાણ, રસિકભાઈ પટણી, ભારે મહેમત કરી રહ્યા છે. રથયાત્રાનું ગામમાં મહોલ્લે મહોલ્લે ભવ્ય સ્વાગત થશે.





શહેરના જહાંનારા બાગમાં ફાયર સ્ટેશન પાસે નગર પાલિકા દ્વારા પાણીની ટાંકીને પ્રભારી મંત્રીશ્રી નિતીનભાઈ પટેલે અર્પણ કરેલ હતી. જેમાં પ્રમુખ હર્ષા મહેશ્વરી સાથે પાણી પુરવઠા કમિટી ચેરમેન વિજય જોશીએ મંત્રીશ્રીને અંબાજીનું મોમેન્ટો આભાર પ્રગટ કર્યો હતો.

## શબ્દાવલી - ૪૭૬૧

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | | ■ | ૪ | ૫ |
| ૬ | | | ■ | ■ | ૭ | | |
| | ■ | ■ | ૮ | ૯ | | | ■ |
| ૧૦ | ૧૧ | ૧૨ | ■ | ૧૩ | | ■ | ૧૪ |
| ૧૫ | | | | | ■ | ૧૬ | |
| ■ | ■ | | ■ | ૧૭ | ૧૮ | | |
| ૧૯ | ૨૦ | | ૨૧ | ■ | ૨૨ | | |
| ૨૩ | | ■ | ૨૪ | | | ■ | ■ |

**આડી ચાવી**

૧. સરખાવવું, ... કરવી (૫)
૪. ભોગ ધરવો, ... ચડાવવો (૨)
૬. રૂની ઓઢવાની ગોદડી (૩)
૭. ભૂકંપ, ધરતીકંપ (૩)
૮. પાંચ પાંડવોમાંનો એક માદ્રી પુત્ર (૪)
૧૦. કોમળ, નાજૂક (૩)
૧૩. અવાજ, શૉર (૨)
૧૫. નજર તળે, બંદી રાખવું (૫)
૧૬. સાથે, પાસે (૨)
૧૭. ... નહીં સીખાતા, આપસ મેં બૈર રખના (૪)
૧૯. શિકાયત, રાવ (૪)
૨૨. દૃષ્ટિ, જોવું તે (૩)
૨૩. નમેલુ, ...મસ્તક (૨)
૨૪. રાત્રિ, રજની

**ઊભી ચાવી**

૧. ઘરવખરી (૫)
૨. છુટ્ટી (૨)
૩. ખીણ, કોતર, ઊંડી... (૨)
૪. ... કરવો, બચાવવું (૩)
૫. સેવાલ, લીલી છીકણી છારી (૨)
૭. બ્રાહ્મણ (૩)
૯. હરપલ, હરક્ષણ (૪)
૧૧. આગવી સમજ, ...બૂઝ (૨)
૧૨. મરણ પ્રસંગે ગવાતા ગીત (૪)
૧૪. રાહમાં સાથે ચાલતા સાથી (૪)
૧૬. સહેલું, સુગમ (૩)
૧૮. માતા, મા (૩)
૧૯. મજા, મોજ-મસ્તી (૨)
૨૦. પ્રણાલી, પ્રથા (૨)
૨૧. કરૂણા (૨)

### શબ્દાવલી ૪૭૬૦ના જવાબ

**આડી ચાવી :-** (૧) મેઘાડંબર (૫) વેગ (૭) રૂમ (૮) ડામર (૧૦) ખાઇ (૧૧) ફૅશન (૧૩) અભરખો (૧૪) દફન (૧૫) વાર (૧૬) ફેર (૧૭) રગ (૨૧) વેલડુ (૨૩) લડવૈયા (૨૫) લકવા (૨૬) યાગ

**ઊભી ચાવી :-** (૧) મેરૂ (૨) ધામ (૩) બડાઇખોર (૪) રમ (૬) ગજાનન (૯) રફેદફે (૧૦) ખારવા (૧૨) શફર (૧૩) અમલવૅલ (૧૮) ગલ (૧૯) લીલવા (૨૦) પ્રયોગ (૨૨) ડૂલ (૨૪) વૈયા

## સચિવાલય અને જિલ્લા કચેરીઓ આજથી ધમધમવા લાગશે


ગાંધીનગર, તા. ૧૭

શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાંથી મંત્રીઓ અધિકારીઓ પરત ફરતા આવતીકાલથી મંત્રીઓના કાર્યાલય ફરી ધમધમતા થશે.

રાજ્ય સરકાર દ્વારા ગત ૧૪મી જૂનથી ત્રણ દિવસ માટે શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો. મંત્રીઓ અને ઉચ સનદી અધિકારીઓને આ કાર્યક્રમની જવાબદારી સોંપવામાં આવતા મંત્રીઓ અને અધિકારીઓ જિલ્લા તાલુકાના પ્રવાસે જતાં ત્રણ દિવસ માટે મંત્રી કાર્યાલયો વિભાગો અને જિલ્લા કચેરીઓ અધિકારીઓ વિહોણા બન્યા હતા.

શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાંથી મંત્રીઓ પરત ફરતા આવતીકાલથી મંત્રી કાર્યાલયો મુલાકાતીઓથી ધમધમવા લાગશે જ્યારે જિલ્લા કચેરીઓમાં પણ વહીવટી કામગીરી ધમધમવા લાગશે.

ગ્રામ્ય વિસ્તારમાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ પૂર્ણ થયા બાદ હવે આગામી સપ્તાહથી શહેરી વિસ્તારોમાં શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ થશે.



પાલનપુર શહેરને હવે બે ભાગમાં પોલીસની હદ વહેંચાયેલુ હતું. રેલ્વે લાઈનને હદ બનાવી પૂર્વ- પશ્ચિમ એમ બે સીટી પોલીસ સ્ટેશન બનાવાયા હતા. પ્રભારી મંત્રીશ્રી નિતીનભાઈ પટેલે દિલખુશાલ ખાતે ખુલ્લુ મુકેલ હતું. જેમાં એસ.પી. અશોક યાદવ, ડી.વાય.એસ.પી. શ્રી પટેલ, મંત્રીશ્રી સુંદરસિંહ ચૌહાણ, ડી.વાય.એસ.પી. યુ.આર. ઠાકોર દેખાય છે.

## પરિણામ જાહેર...

● પહેલા પાનાનું ચાલુ

હતો. આજની ચારેય બેઠકોના ચૂંટણી જંગમાં શ્રી ઈશ્વરભાઈ પટેલને સૌથી વધુ સરસાઈ પ્રાપ્ત થઈ છે.

સે-૧૨-૧૩ની મહિલા અનામત બેઠક પર વર્તમાન ડિરેકટર શ્રીમતિ લીલાબેન રાઠોડ અને શ્રીમતિ રેણુકાબેન પટેલ વચ્ચેની સીધી સ્પર્ધામાં રેણુકાબેન પટેલને ૧૬૦ કરતાં પણ વધુ મતે વિજયી જાહેર કરવામાં આવ્યા હતા. તેમણે તેમના નજીકના સ્પર્ધક પર પ્રથમ રાઉન્ડથી જ સરસાઈ પ્રાપ્ત કરી લીધી હતી.

સે-૨૦-૩૦ની બેઠક પર નિલેશ પટેલ અને ગજેન્દ્રસિંહ રાઠોડ વચ્ચે રસાકસીભર્યો જંગ ખેલાયો હતો. જેમાં નિલેશ પટેલ ૧૧ મતની પાતળી સરસાઈથી વિજયી થયા હતા. શ્રી નિલેશ પટેલને ૧૯૧ મત મળ્યા હતા જયારે ગજેન્દ્રસિંહ રાઠોડને ૧૮૦ મત મળ્યા હતા.

સે-૨૪ની બેઠક પર વર્તમાન ડિરેકટરશ્રી ચંદુભાઈ પટેલ અને પૂર્વ ડિરેકટર શ્રી રાજેશ પંચોલી વચ્ચે જંગ ખેલાયો હતો. વર્તમાન અને પૂર્વ ડિરેકટર વચ્ચેના આ જંગમાં પૂર્વ ડિરેકટર શ્રી રાજેશ પંચોલી નેવું મતે વિજયી જાહેર કરવામાં આવ્યા હતા.

આમ આજના આ ચૂંટણી જંગમાં બે વર્તમાન ડિરેકટરોનો પરાજય થયો છે જયારે એક પૂર્વ ડિરેકટર સહિત ત્રણ નવા ચહેરા ચૂંટાયેલા જાહેર થયા છે. બે વર્તમાન ડિરેકટરો બિનહરિફ ચૂંટાયેલા જાહેર થયા હતા. હવે બોર્ડ ઓફ ડિરેકટર્સની બેઠક ટૂંકમાં મળશે જેમાં નવા વર્ષના હોદ્દેદારોની વરણી કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

## ચિલોડા પોલીસની અવળી નિતી

# લકઝરી બસો અને શટલીયા જીપો માટે લાલજાજમ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર પાસેના ચિલોડામાં છેલ્લા નવ નવ દિવસથી દૈનિક રોજગારી મેળવી પેટિયું રળતાં લારી- ગલ્લાવાળાંને દબાણના દમથી પોલીસે ધંધા બંધ કરાવી દેતાં અનેક ઘરોમાં ચુલા બંધ થઈ ગયા છે. ચિલોડા પોલીસ એક બાજુ ત્યાં આવતી લકઝરી બસો તેમજ શટલીયા જીપોને ખુલ્લેઆમ ગેર કાયદેસર રીતે મુસાફરો ભરવાની છુટ આપી રહ્યા છે. ત્યારે પોલીસની આ અવળી નિતીની ચોતરફ ટીકા થઈ રહી છે.

મળેલ વિગતો અનુસાર ગાંધીનગરથી ચિલોડા થઈ અન્ય સ્થળોએ નોકરી જતાં મુસાફરો દ્વારા જણાવ્યા મુજબ ચિલોડા ચાર રસ્તાએ એસ.ટી. બસની રાહ જોવા ઉભાં રહેલાં અનેક લકઝરી બસો અને આવી બુકીગ વગરના મુસાફરોને જોખમી મુસાફરી કરાવી ડ્રાઈવર - કંડકટર ઉપરની આવક મેળવી રહ્યા છે. જેમાં લકઝરી બસોનું કાયદેસર સ્ટોપ ન હોવા છતાં એસ.ટી. સ્ટોપની જગ્યાએ બસો ઉભી કરી દેતાં એસ.ટી.માં માસિક પાસ દ્વારા આવન જાવન કરતાં મુસાફરોને ભારે અડચણ ઉભી થઈ રહી છે તો શટલીયા જીપો પણ અહીં અડીંગો જમાવી દેતાં નિગમની બસોને સ્ટોપેજ કરવા જગ્યા જ રહેતી નથી. વધુમાં અહીં ચિલોડા પોલીસના બે થી ત્રણ કોન્સ્ટેબલ ઉભા રહી આખો દિવસ તમાસો જોયા કરે છે. અથવા તો વહીવટમાં મશગુલ હોય તેમ લાગે છે.

તો બીજી તરફ છેલ્લા નવ-નવ દિવસથી લારી- ગલ્લા અને પાથરણાવાળાઓને દબાણના મુદ્દે ધંધા- રોજગાર બંધ કરાવી દીધા છે. જેથી દૈનિક કમાઈને દૈનિક પેટ ભરતાં લોકોને ભૂખે મરવાનો વારો આવ્યો છે. કોઈ ચોક્કસ કારણ અત્રે બહાર આવતું નથી. પરંતુ ભુલથી પણ કોઈ લારી- ગલ્લાવાળા ધંધો શરૂ કરવાની પેરવી કરે છે તો પોલીસ દ્વારા લાકડીઓ ઉગામી બંધ કરાવી દેવાય છે.

લારી-ગલ્લા અને પાથરણાં કાયમી ધોરણે હટાવવાની જ હોય તો કાયદેસર નોટીસ પાઠવી સરકાર દ્વારા અન્ય વ્યવસ્થા હાથ ધરી તેમને જાણ કરી દેવી જોઈએ. તેવું સ્થાનિક લોકો જણાવી રહ્યા છે. લટકતી તલવાર રાખી પોલીસ શું કરવા ઈચ્છે છે? તે જણાતું નથી.

કારમી મોંઘવારીમાં બે ટંક રોટલા માટે મધ્યમવર્ગ પણ તોબા પોકારી ગયો છે તો આ ગરીબ ધંધા-રોજગારવાળાને આટલી સલામતી કેમ તે પ્રશ્ન ઉભો થયો છે તો બીજી તરફ લકઝરી બસો અને શટલીયા જીપોને છુટોદોર મળ્યો છએ જેથી પોલીસની કામગીરી સામે પ્રશ્નાર્થ ઉભા થયા છે.

## મતદારયાદી સુધારણા ઝૂંબેશ...

● પહેલા પાનાનું ચાલુ

આજે પુરી થતી આ ઝુંબેશને વધુ નવ દિવસ માટે લંબાવવાનો નિર્ણય કર્યો છે.

આજની ઝુંબેશમાં રાજકીય પક્ષોના આગેવાનોની સક્રિયતા વધુ જોવા મળી હતી. શહેરી વિસ્તારમાં ખાસ કરીને કાઉન્સીલરો દ્વારા આ કામગીરીમાં ભારે રસ દાખવવામાં આવ્યો હતો તો ગ્રામ્ય વિસ્તારોમાં પણ રાજકીય પક્ષોના આગેવાનોએ સારો એવો રસ દાખવ્યો હતો. જો કે શહેરી વિસ્તારોમાં સ્થળાંતરની અરજીઓ વધુ મળી છે જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં નવા નામ દાખલ કરવા માટેની અરજીઓ સારી એવી સંખ્યામાં મળી છે.

મળતી વિગતો પ્રમાણે પંચ દ્વારા હવે આ અરજીઓની ચકાસણીની કામગીરી આ માસના અંતે શરૂ થશે. આ કામગીરી પણ પંચના નિરીક્ષકોની હાજરીમાં કરવામાં આવશે.

૧લી ઓગષ્ટ સુધીમાં શુદ્ધ અને ક્ષતિરહિત મતદારયાદી તૈયાર કરી દેવામાં આવશે તેમ પંચના વિશ્વસનીય સૂત્રોમાંથી જાણવા મળેલ છે.